ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૫-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

કસોટીની એરણે કોંગ્રેસ

દેશ આખો છત્તીસગઢની નકલવાદી હિંસાથી હચમચી ઊઠ્યો છે અને રોજ રોજ ક્રિકેટનાં કાળાં કરતૂતો બહાર આવી રહ્યાં છે તેવા સંજોગોમાં ગુજરાત પેટાચૂંટણીઓની ગરમીથી શેકાઈ રહ્યું છે. આ તમામ બેઠકો કોંગ્રેસ હસ્તક હતી એથી કોંગ્રેસ માટે તો એમને જાળવી રાખવી એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહ્યો છે. પોરબંદરની લોકસભાની બેઠક પર વિજયી બનેલા કોંગ્રેસના દબંગ લેઉવા પાટીદાર નેતા વિઠ્ઠલ રાદડિયા કોંગ્રેસ હાઈકમાંડના આદેશથી ધારાસભાની ચૂંટણી લડી ધોરાજી બેઠક પરથી વિજયી બન્યા હતા. એમના પુત્ર જયેશ રાદડિયાએ જેતપુરની બેઠક પર જસુમતી કોરાટને હરાવ્યા હતા. લીંબડીની બેઠક પર સુરેન્દ્રનગર બેઠક પર લોકસભામાં વિજયી બનેલા સોમાભાઈ ગાંડાભાઈ પટેલે કોંગ્રેસ હાઈકમાંડે આપેલ આદેશ મુજબ એમની લોકસભાની બેઠક જાળવી રાખી હતી. તેથી લીંબડીની વિધાનસભાની પેટાચૂંટણી આવી પડી છે. આ ઉપરાંત દાહોદને પંચમહાલની મોરવાહડફ બેઠક પર કોંગ્રેસનાં મહિલા ઉમેદવાર વિજયી ઘોષિત થયાં તે પૂર્વે જ અવસાન પામ્યા હતાં અને બનાસકાંઠાના સંસદસભ્ય મુકેશ ગઢવીનું પણ એ પછીના દિવસોમાં અકાળ અવસાન થતાં ચૂંટણી પંચે ગુજરાતની આ તમામ બેઠકોની પેટાચૂંટણી જાહેર કરી છે. આગામી તા. ૨ જૂન, ૨૦૧૩ના દિવસે આ બેઠકો પર મતદાન થનાર છે. અત્યારે બેઉ મુખ્ય રાજકીય પક્ષો વચ્ચે આ બેઠકો મેળવવા માટે પ્રતિષ્ઠાનો જંગ ખેલાઈ રહ્યો છે. કોંગ્રેસ માટ કપરાં ચઢાણ છે કારણ કે વિધાનસભામાં ત્રીજીવાર હેટ્રિક કર્યા પછી નરેન્દ્ર મોદી હવે ભવિષ્યના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જોરશોરથી ચર્ચામાં આવી ગયા છે. ગુજરાતમાં પાંચ વર્ષ માટે ભાજપની સરકાર રહેવાની છે, વળી કેન્દ્રમાં પણ કોંગ્રેસની આગેવાનીવાળી ચુપીએ-૨ સરકારનાં કૌભાંડોની હારમાળા બહાર આવતા એને ફરીવાર સત્તા મળવાની શકયતા નહીંવત જ છે. આવા માહોલમાં પ્રજાના સ્વવિવેકની પણ કસોટી થવાની છે. ભાજપ માટે આ બેઠકો ગુમાવવીએ નામોશીભર્યું લેખાશે. કોંગ્રેસ માટે આ બેઠકોનો વિજય વિષાદને પ્રસાદમાં પલટી શકે.

પાઠયપુસ્તક મંડળ દ્વારા નવા શૈક્ષણિક સત્રથી પાઠય પુસ્તકો મળી શકશે

ગુજરાતી માધ્યમના ધોરણ-૬, ૭, ૮નો અભ્યાસક્રમ બદલાયો નથી

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળના કાર્યવાહક પ્રમુખ નીતિન પેથાણીએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે જીસીઈઆરટી દ્વારા નવા અભ્યાસક્રમ મુજબ તૈયાર કરેલા ધો-૬, ૭ અને ૮ના પ્રથમ સત્રના ગુજરાતી માધ્યમના ૨૧ પાઠયપુસ્તકો મંડળે છાપકામ કરી જુન ૨૦૧૨ના શૈક્ષણિક સત્રથી દાખલ કર્યા હતા. આ પાઠયપુસ્તકોની નિષ્ણાંત દ્વારા સમીક્ષા કરી નવા સુધારા સાથે વેચાણ-વિતરણ કરવામાં આવી રહ્યું છે. અભ્યાસક્રમમાં કોઈ બદલાવ થયો નથી પરંતુ ક્ષતિઓ નિષ્ણાંતોના સૂચન મુજબ દૂર કરાઈ છે.

સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠયપુસ્તકો અપાય છે. જૂન ૨૦૧૨માં ૯૫ કરોડની કિંમતના પાઠય પુસ્તકો વિના મૂલ્યે રાજયની ૩૨૦૦૦ કરતા વધુ સરકારી પ્રાથમિક શાળાઓમાં વિતરણ કરવામાં આવ્યા હતા. બજારમાં ૧૬.૨૭ કરોડના પુસ્તકો વેચાયા હતા. મંડળની નીતિ મુજબ સુધારેલી આવૃત્તિના ગત વર્ષના વણ વેચાયેલા પાઠય પુસ્તકો પરત લેવામાં આવશે તેમ વિક્રેતાઓને જણાવ્યું હોવા છતાં આજ દિન સુધી કોઈ વિક્રેતા દ્વારા આવા વણવેચાયેલા પુસ્તકો જમા કરાવવામાં આવ્યા નથી.

નવા સત્રમાં વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકો સમયસર મળી રહે તેવી મંડળે વ્યવસ્થા ગોઠવી છે. આ ઉપરાંત જૂન ૨૦૧૩ થી ધો-૯, ૧૦, ૧૧ અને ૧૨માં સરકારી શાળાના એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. વિદ્યાર્થીઓને આવકની મર્યાદા ધ્યાને લીધા સિવાય વિના મૂલ્યે પાઠય પુસ્તકો પૂરા પડાશે. મંડળ દ્વારા તાલુકા-જિલ્લા કક્ષાએ વિના મૂલ્યે પાઠય પુસ્તકોનું વિતરણ ૧૫ જૂન સુધીમાં પૂર્ણ કરાશે. જૂન ૨૦૧૪ના શૈક્ષણિક સત્રથી ધોરણ ૧ થી પના ગુજરાતી માધ્યમમાં નવા અભ્યાસક્રમ મુજબ તૈયાર કરવામાં આવનાર નવા પાઠય પુસ્તકો દાખલ કરવામાં આવશે.

બેટા, આશીર્વાદ છે - ગાંધીનગરને 'ડસ્ટ ફ્રી' બનાવો પણ પહેલાં આ શહેરને 'લસ્ટ ફ્રી' બનાવવાની જરૂર છે !

ઓપન એર થિયેટર ફરતે હવે ૨૪ કલાક સિક્યુરીટી મુકાશે

સરકારે અડધો કરોડ ખર્ચ્યા બાદ હવે ખાતર માથે દીવો !

ગાંધીનગર, તા. ૨૮

ઘ-૫ સ્થિત ઓપનએર થિયેટર ઉપયોગના અભાવે કંગાળ ભાસી રહ્યું છે. અડધા કરોડનું આંધણ કરાયા બાદ પણ થિયેટરનું હજુ વાસ્તવિક રૂપે ઉદ્ઘાટન થયું નથી ! એક પણ કાર્યક્રમ ન થતા ઓપનએર થીયેટરને લોકઉપયોગી બનાવવા તંત્રએ પણ માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે. ત્યારે થિયેટરને દૂષણોથી મુક્ત રાખવા સરકારને ખાતર માથે દિવો કરવો પડે તેવી સ્થિતિ છે. ઓપનએર થિયેટર માટે હવે ૨૪ કલાક સિક્યુરીટી ગોઠવવા પ્રતિવર્ષ ૨.૬૦ લાખનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઓપનએર થિયેટર છેલ્લા બે વર્ષથી શોભાના ગાંઠીયા સમાન ભાસી રહ્યું છે. અંદાજિત રૂ. ૫૫ લાખના ખર્ચે નિર્માણ કરાયેલા ઓપનએર થિયેટરના ઉદ્ઘાટન સિવાય અન્ય કોઈ કાર્યક્રમ આ સ્થળે થયો નથી. અગાઉ એક વર્ષ ઉદ્ઘાટનના અભાવે બિનઉપયોગી ભાસતા થિયેટરનું ઉદ્ઘાટન થયા બાદ દોઢ વર્ષના અંતે પણ ભાડા માટે એક પણ અરજી તંત્રને મળી નથી. બીજીતરફ લોકઉપયોગી ન બની રહેલાં આ થિયેટરની જાળવણીનું કામ પણ મુશ્કેલ બન્યું છે. ઓપનએર થિયેટરના સંકુલમાં ભવ્ય સ્ટેજ, હરિયાળી લોન તેમજ સૌચાલય અને ફાઉન્ટઈન સહીતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આવા સંજોગોમાં પહેરાના અભાવ વચ્ચે સંકુલમાં ગંદકી સહીતના દૂષણો પાંગરી રહ્યા હોવાનું પણ તંત્રના ધ્યાને આવ્યું છે. એકબાજુ ઉપયોગના અભાવે સંકુલ આમ પણ નિરસ ભાસી રહ્યું છે. ત્યારે સંકુલની રોનક સચવાયેલી રહે તે માટે સરકાર કક્ષાએથી થિયેટર પર ૨૪ કલાક સિક્યુરીટી મુકવા નિર્ણય લેવાયો છે. ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડ મુકવા પ્રતિવર્ષ ૨.૬૨ લાખનો ખર્ચ કરવો પડે તેમ છે. તંત્રએ ખર્ચેલા અડધા કરોડનો પણ હજુ કોઈ હેતુ સરતો નથી. ત્યારે હવે ખાતર માટે દીવો કરવાનો વારો આવ્યો છે !!

જે.સી.આઈ.એ નેચરવૉક અને ફોટોગ્રાફી વર્કશોપ યોજયો

ગાંધીનગર, તા.૨૮

જેસીઆઈ, ગાંધીનગરના ઉપક્રમે તાજેતરમાં ઈન્દ્રોડા નેચર પાર્કના નયનરમ્ય, શાંત, કુદરતી અને લીલાછમ વાતાવરણમાં 'નેચરવૉક અને ફોટોગ્રાફી વર્કશોપ'નું આયોજન થયું. કલરવ કરતા પક્ષીઓ, મંદમંદ વહેતો આહલાદક ઠંડો પવન અને ઘટાદાર લીલાછમ વૃક્ષોની વચ્ચેથી ક્યાંક ક્યાંક ડોકાતા ઉગતા સૂર્યના કિરણો જેવા કુદરતના અદભૂત સર્જનો સાથે જયારે તરવરીયા યુવાનોનો સમન્વય થયો ત્યારે કુદરતની સાથે માણસ એકાકાર થયાની અનુભુતી થઈ રહી હતી. ગાંધીનગરના યુવા અને ખ્યાતનામ ફોટોગ્રાફર જેસી આલોક બ્રહ્મભટ્ટ દ્વારા ઉત્તમ ફોટોગ્રાફી માટે એન્ગલ્સ, કુદરતી પ્રકાશ અને કલ્પના શકિતના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. પ્રમુખ જેસી કેતન નિર્મલ, કેતન ભાવસાર, સાત્વિક ત્રિવેદી અને પ્રેરક વસાવડાએ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપ્યું હતું.

સર્વે ઉપસ્થિત સભ્યો માટે આ સવાર જિંદગીની સૌથી યાદગાર સવાર બની રહી હતી.

કોમન મેરીટ લીસ્ટમાં ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓને અન્યાયની બૂમરાણ

એન્જિન્યરીંગમાં પ્રવેશ માટે કોમન મેરીટ લીસ્ટને નિર્ણયને વાલીઓ કોર્ટમાં પડકારશે

અમદાવાદ, તા.૨૮

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ એન્જિન્યરીંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કાર્યવાહી અત્યારે ચાલી રહી છે. જો કે આ પ્રવેશ કાર્યવાહીમાં ગુજરાત બોર્ડ અને સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થિઓના મેરીટનું કોમન મેરીટ લીસ્ટ બનાવી તેના આધારે પ્રવેશ આપવાની જાહેરાતથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેના વિરોધમાં વાલીઓએ અનેક રજુઆત કરતા હજુ સુધી કોઈ ઉત્તર ન મળતા વાલીઓ કોર્ટમાં જવાની તૈયારી કરી રહ્યાં છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાતની એન્જીન્યરીંગ કોલેજમાં પ્રવેશ માટે દરવર્ષે સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીઓ અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓનું અલગ અલગ મેરીટ લીસ્ટ તૈયાર થતુ હતું. પરંતુ આ વખતે પ્રવેશના નિયમોમાં ફેરફાર તરવામાં આવ્યાં છે. તે મુજબ આ વખતે જીઈઈની પરીક્ષાના આધારે હાથ ધરાયેલ પ્રવેશ પ્રક્રીયામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ અને સીબીએસઈ નું કોમન મેરીટ લીસ્ટ બનાવી તેના આધારે એન્જીન્યરીંગના અભ્યાસોમાં પ્રવેશ ફાળવવામાં આવનાર છે. જે મુદે ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓને અન્યાય થતો હોવાની દલીલ કરી . વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા બેન્ને બોર્ડના અલગ અલગ મેરીટ લીસ્ટ બનાવવા માટે અનેક વખત ઉચ્ચસ્તરીય રજુઆત કરવામાં આવી હતી. જો કે આ અંગે હજુ સુધી તંત્રની કોઈ પ્રતિક્રિયા ન મળતા વાલીઓ કોર્ટમાં જવાની તૈયારીઓ કરી રહ્યાં છે. આ અંગે વાલી મંડળના અગ્રણી નીતિન કણઝારીયાએ જણાવ્યું હતુ કે ગુજરાત શિક્ષણ બોર્ડની તુલનામાં સીબીએસસી દ્વારા દર વર્ષે સારુ પરિણામ આપવામાં આવે છે. આ ઉપરાંત બંન્ને બોર્ડના અભ્યાસક્રમ પણ અલગ અલગ છે. આવા સંજોગોમાં જો બંન્ને બોર્ડના કોમન મેરીટ લીસ્ટના આધારે એન્જીન્યરીંગ અભ્યાસ ક્રમોમાં પ્રવેશ આપવામાં આવતો સીબીએસઈ બોર્ડના વિદ્યાર્થીઓ વધુ સારો સ્કોર હોવાના લીધે આસાનીથી પ્રવેશ મેળવી શકેશે, જેનાથી ગુજરાત શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓને અન્યાય થવાની શક્યતા છે. જેથી બેન્ને બોર્ડના વિદ્યાર્થીઓને અલગ અલગ મેરીટ લીસ્ટ બનાવી તેના આધારે પ્રવેશ ફાળવવામાં આવે છે. તે માટે માંગ કરવામાં આવી છે.

પરંતુ જો આમારી માંગ પુરી કરવામાં નહી આવે તો પ્રવેશ સમિતીના આ નિર્ણયને અને કોર્ટમાં પડકારીશું ઉલ્લેખનિય છેકે દર વર્ષે એ બંન્ને બોર્ડના વિદ્યાર્થીઓને અલગ અલગ મેરીટ લીસ્ટના આધારે પ્રવેશ ફળવાતો હતો. જો કે ચાલુ વર્ષે પ્રવેશ નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ બેન્ને બોર્ડ માટે કોમન મેરીટ લીસ્ટના આધારે પ્રવેશ પ્રક્રીયા હાથ ધરાઈ છે.

લલિતકલા એકેડમીમાં રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડમીના ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટર અને ક્રિષ્ના એકેડમી દ્વારા નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન કરવામા આવેલ હતું. આ સ્પર્ધા ગાંધીનગર તથા અમદાવાદની શાળા કે.જી થી ધોરણ-૧૨ સુધીના ૧૩૫ જેટલા વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના ડૉ. શ્રીમતી વીણાબેન પટેલ ડીન ફેકલ્ટી ઓફ એજયુકેશન, ડૉ. સોમભાઈ પટેલ કેમ્પસ ડાયરેકટર તથા રાજેન્દ્રસિંહ જાડેજા ક્રિષ્ના એકેડેમીના સંચાલક તથા ઈન્ટરનેશનલ સ્કેટર કોચ ઉપસ્થિત રહ્યા હતા. તેઓના વરદ હસ્તે તમામ સેકટરોને મેડલ, સર્ટીફિકેટ તથા કિટ્સ એનાયત કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સંચાલન આર.એન. લલિતકલાના એકેડેમીના સંચાલિકા દિનાબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. આ સ્પર્ધાનું કોચીંગ અને નિર્દેશન સ્કેટીંગ વસીમ મનસૂરી, મિલન દેસાઈ પુલકીતભાઈ દ્વારા કરવામાં આવેલ હતું. ઉદ્ઘોષણ તથા આભાર વિધિ રિદ્ધિ ગોધારી દ્વારા કરવામાં આવેલ હતા.

ખાનગી યુનિ. દ્વારા પ્રવેશ ફોર્મના નામે ઉઘાડી લૂંટ

અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં કાર્યરત નિરમા યુનિવર્સીટી ધીરુભાઈ ઈન્સ્ટિટ્યુટ અને પંડિત દિનદયાળ યુનિવર્સિટીઓ દ્વારા પ્રવેશ ફોર્મનાં નામ ઉપર વિદ્યાર્થીઓ પાસેથી ઉઘાડી લૂંટ ચલાવતી હોવાનો મામલો સામે આવ્યો છે એન્જિન્યર અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે આ યુનિવર્સિટીઓ ફોર્મ પેટે ગુજરાત ટેકનિકલ કોર્સ પ્રવેશ સમિતીના નિયમોનો ભંગ કરીને જંગી રકમ ઉઘરાવતી દર વર્ષે ત્રણ કરોડથી વધુની આવક મેળવી રહી છે. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રોષ વ્યાપી ગયો છે.

સમાજને દર્પણ દેખાડે તે કવિ કે લેખક પણ સમાજ માટે નવી કેડી બનાવી આખા સમાજને તે ઉત્તમ માર્ગ ઉપર ચલાવે તે મહાપુરૂષ, સમયથી ઘણું આગળનું જોઈ શકે અને સમૂહને દોરી શકે તે બુદ્ધ બની શકે

ભગવાન બુદ્ધની શિક્ષાપદ્ધતિ - ચિંતન સભા

- પ્રા.ડો. રાકેશ પટેલ

ભારતીય સોફ્ટવેરની કંપની 'ઇન્ફોસિસ'ના સ્થાપન નાગારાવ રામારાવ નારાયણમૂર્તિ (એન.આર. નારાયણમૂર્તિ) નો પ્રેરણાદાયી અને ભારતને વિશ્વનાં નકશા ઉપર લઇ જનાર વિચાર વાંચવા જેવો છે : તે કહે છે : 'હું માત્ર વિચાર નથી કરતો, પરંતુ પોતાના વિચારોને સાકાર કરી અંતિમરૂપ આપી એને વાસ્તવિકતામાં પરિવર્તિત કરૂં છું. મોટા ભાગના ભારતીયોમાં આ વાતની ઉણપ છે. જો તમારી પાસે વિચાર છે તો નવરાં ન બેસી રહો. તેને પ્રભાવી રીતે અમલમાં મૂકો.'

અનેક વ્યવસ્થાઓ વચ્ચે શિક્ષિત હોવાની બડાશ મારવી આજના યુગનાં ચવાઇ ગયેલી વાતમાત્ર છે. હવેનો શિક્ષિત કોણ? 'જે સમય અનુરૂપ વિચારી શકે છે, સમાજની સમસ્યાઓને સમજી શકે છે, અને પોતાની ક્ષમતા પ્રમાણે તેને ઉકેલી શકવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરે છે.' સમસ્યાને ઉકેલવાનું સાધન કોઇ પણ હોઇ શકે છે. પ્રયત્ન વ્યક્તિગત અને સામૂહિક પણ હોઇ શકે છે. આ બધા સંદર્ભો પછી હવે આપણે ભગવાન બુદ્ધને સમજવા પ્રયત્ન કરીએ.

ડો. સરોજ શર્મા (શ્યામ પ્રકાશન, જયપુર) લિખિત 'શિક્ષા એવમ્ ઉદયિમાન ભારતીય સમાજ' પુસ્તકમાં ભગવાન બુદ્ધનું વિશ્વસમાજને શૈક્ષણિક પ્રદાન શું છે, તેનું સરસ વર્ણન કરેલ છે. ભગવાન બુદ્ધના વ્યાખ્યાન 'ધમ્મચક્ક પવત્તનસુત્ત' માં નિહિત છે. બૌધ્ધધર્મમાં સિદ્ધાંત 'ત્રિપિટક'નામનાં ગ્રંથમાં વર્ણિત છે.

માનવમાત્રની એક અવ્યક્ત ફરિયાદ રહી છે કે, દુઃખો એકલા મને જ શા માટે કનડે છે. પરંતુ તે અંગે તે ભાગ્યે જ ઊંડાણથી વિચારે છે. આ ના વિચારવાનો રોગ જ કદાચ આપણ સૌને ભારે પડે છે. પણ ચિંતા કરવાની જરૂર નથી. આપણા સાંસ્કૃતિક ઇતિહાસમાં એક અમોઘ વૈચારિકશસ્ત્ર ઉપલબ્ધ છે, અને તેના પુરસ્કર્તા છે ભગવાન બુદ્ધ.

ભગવાન બુદ્ધની પૂર્ણતા પ્રત્યેકના જીવનના પૂર્ણતાને સાકારિત કરનારી છે. બુદ્ધ એટલે બૌદ્ધિકતાને આગળ રાખી જીવનને દુઃખોને ઓળખનાર મહારથી. આજની પેઢી કેવળ શારીરિક રીતે મા-બાપની લાગે છે. મનો-સામાજિક રીતે કદાચ તે ટેલિવિઝનની સંતતિ હોઇ શકે, કદાચ તે કોઇ નટ-નટીને આદર્શ માનીને તેમની સંતતિ બની હોઇ શકે. અર્થાત્ વૈચારિત રીતે કદાચ નવી પેઢી અન્ય કોઇની બનવા જઇ રહી છે જે ભારતના ભવિષ્ય માટે ઘાતક બની શકે છે. આપણા સાંસ્કૃતિક ઇતિહાસની મહાનતાને રસપ્રદ રીતે રજૂ કરવાની જ તે સાચી રીતે વિચારતા થઇ શકે છે. સમાજને દર્પણ દેખાડે તે કવિ કે લેખક પણ સમાજ માટે નવી કેડી બનાવી આખા સમાજને તે ઉત્તમ માર્ગ ઉપર ચલાવે તે મહાપુરૂષ, સમયથી ઘણું આગળનું જોઇ શકે અને સમૂહને દોરી શકે તે બુદ્ધ બની શકે.

ભગવાન બુદ્ધે ચાર આર્યસત્યોને શોધી કાઢયા. જે બૌદ્ધધર્મની આધારશિલા છે. આર્યસત્ય (૧) દુઃખ છે. (૨) દુઃખનું કારણ છે. (૩) દુઃખનું કારણ જાણવાથી દુઃખ દુર થઇ શકે છે. (તૃષ્ણા દુઃખનું કારણ છે) (૪) દુઃખને દૂર કરવા માટે અષ્ટાંગ માર્ગ છે.

અષ્ઠાંગ માર્ગ દેખીતી રીતે આધ્યાત્મિક માર્ગ ભલે રહ્યો પણ વાસ્તવિક રીતે જીવનને શિક્ષીત કરનારો, સફળ કરનારો અને સારી 'એવરેજ' આપનારો માર્ગ બની શકે છે. ૧. સમ્યક દૃષ્ટિ છે (Right Faith) ૨. સમ્યક સંકલ્પ (Right Resolve) ૩. સમ્યક વાક (Right Speech) ૪. સમ્યક કર્મન્ત (Right Action) ૫. સમ્યક આજીવ (Right Living) ૬. સમ્યક વ્યાયામ (Right Effort) ૭. સમ્યક સ્મૃતિ (Right Thought) ૮. સમ્યક સમાધિ (Right Concentration)

ભગવાન બુદ્ધે જીવનને નવેસરથી જાણવાનો પ્રયાસ કર્યો. જેમ પ્રયોગશાળામાં વૈજ્ઞાનિક બધી જ સ્થિતિઓને ઓશોધકની નજરે જોતો રહે છે. પ્રત્યેગ યુગે નવો વિચાર જૂના અને સ્થાપિત હિતોમાં સમાઇ જતા 'સડીયલ ધર્મ'ને સ્થાને નવીન તાજગી સાથે આપમેળે જ પ્રસરતો હોય છે. ધારી લઇએ કે એક ગંદી જગ્યાએ એક માળી બગીચાને તૈયાર કરવા જશે ત્યારે શરૂઆતમાં તો દુર્ગંધનું સામ્રાજય સુગંધને પડકારશે. પછી એક સમય આવશે. જયારે બગીચામાં નાના - નાના નાજુક છોડવાઓ ઉપર ફૂલોનો શણગાર છવાઇ જશે અને ગંદકીને હાર માનવી પડશે. સમાજમાં આવેલા કુવડપણું કોઇને ગમતું નથી પણ તેને કોણ દૂર કરે તેવી રાહ જોવાય છે. અન્ય કોઇ આવશે તેની રાહ જોયા વગર જે સ્વયં કામે વળગી જાય તે બુદ્ધ. નવા વિચારને સાર્વત્રિક કરવાની ખેવના રાખનાર ધર્મ પુરસ્કર્તા એટલે ભગવાન બુદ્ધ.

ભગવાન બુદ્ધે 'દ્વાદશ નિદાન' નામના જીવનચક્ર (જીવનને બંધનમાં રાખનાર ચક્ર)ની સમજૂતિ આપી છે. જે જીવનને બંધનમાંથી મુક્તિ અપાવનારો રાજમાર્ગ છે. તે કહે છે : 'જરા મરણનું કારણ જન્મ, જન્મનું કારણ ભવ (કશુંક બનવાની, મેળવવાની તાલાવેલી), ભવનું કારણ ઉપાદન (સાધનોની સગવડતા), ઉપાદાનનું કારણ તૃષ્ણાનું કારણ વેદના, વેદનાનું કારણ સ્પર્શ, સ્પર્શનું કારણ ષડાયતન (પાંચ ઇન્દ્રિયો અને મન), ષડાયતનનું કારણ નામરૂપ (શરીર), નામરૂપનું કારણ કારણ વિજ્ઞાન (ચૈતન્ય), વિજ્ઞાનનું કારણ સંસ્કાર, સંસ્કારનું કારણ અવિદ્યા છે. આ અવિદ્યા જ સમસ્ત દુઃખોનું કારણ છે.'

બૌદ્ધવિહારો અને મઠોમાં શિક્ષાને પ્રમુખતા આપવામાં આવી હતી. જેમાં ચરિત્રનિર્માણ અને નૈતિક જીવનને અપનાવવા માટેનાં નિયમો સ્વીકારવામાં આવતાં હતા. તેમાં પ્રથમ સ્થાને નૈતિક જીવન (Moral Life) દ્વિતીય સ્થાને વ્યક્તિત્વનો વિકાસ (Development of Personality) તૃતીય સ્થાને સંસ્કૃતિ રક્ષણ (Preservation of Culture) ચતુર્થ સ્થાને સર્વાંગીણ વિકાસ (All Round Development) વિદ્યાર્થીઓને (બૌદ્ધ ભિક્ષુઓને) ભણાવવામાં આવતા હતા.

ઘણું ઘણું ભણી લેવું એ કદાચ જ્ઞાનસંગ્રહ/ઉપાધિગ્રહણની રીતે સારી બાબત ભલે ગણાતી હોય, પણ સમાજ સાથેની તેમની તાદાત્મયતાની રીતે ક્યારેક નડતર બની જનારી બાબત છે બુદ્ધે જે બાબત બદલવ જેવી લાગી તેને તત્કાલ બદલી નાખી. ભગવાને બુદ્ધે વિહારોમાં ૧. શબ્દ વિદ્યા (ભાષા) અને વ્યાકરણ, ૨. શિલ્પાસન વિદ્યા (વિવિધ ઉદ્યોગ અને કલાઓ) ૩. ચિકિત્સાવિદ્યા (ઔષધ અને શરીર વિજ્ઞાન), ૪. અધ્યાત્મ વિદ્યા (બૌદ્ધદર્શન તથા અન્ય દર્શનોનો તુલનાત્મક અભ્યાસ)ને અભ્યાસક્રમમાં મૂકી હતી.

આજની શિક્ષણ પદ્ધતિને બૌધકાલિન શિક્ષાપદ્ધતિ મદદ કરી શકે છે. આજે એમાંની કેટલી પદ્ધતિઓનો સ્વીકાર કરવામાં આવેલ છે. તે સમયે ગુરૂ દ્વારા મોટા સમૂહમાં એકઠા થયેલ વિદ્યાર્થીઓને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા, નાના સમૂહોમાં વ્યક્તિગત શિક્ષણ દ્વારા, અને વિષયને ન્યાય મળે એ રીતે વ્યાખ્યા (ચર્ચા) પદ્ધતિઓનો ભરપૂર ઉપયોગ કરવામામાં આવતો હતો.